સાંસ્કૃતિક વિભાગ
નં.સીઓઓ/ ૧૭
કમિશનરશ્રીની કચેરી
સુરત મહાનગરપાલિકા
તા.૨૧/૧૧/૨૦૨૦

કચેરી હુકમ :–

સંદર્ભ:–

1 Government of India Ministry of Home Affairs Letter No.40- 3/ 2020-DM-I(IV), Dt. 29/06/2020
2 કેન્દ્ર સરકાર ગૃહ વિભાગ સચિવાલય, દિલ્હી તા.૩૦/૦૯/૨૦૨૦નું જાહેનામું
3 ગુજરાત સરકાર ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર ક્રમાકઃ જીજી/૬૫/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૧૦/૨૦૨૦નું જાહેરનામું
4 ગુજરાત સરકાર માહિતી અને પ્રસારણ વિભાગ, ગાંધીનગર ક્રમાકઃ ઈનફ/૧૦૨૦/૭૮૯/અ તા.૦૬/૧૦/૨૦૨૦નું જાહેરનામું
5 ગુજરાત સરકાર ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ક્રમાકઃ વિ૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૯/૧૦/૨૦૨૦નું જાહેરનામું
6 ગુજરાત સરકાર ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ક્રમાકઃ વિ૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૨/૧૧/૨૦૨૦નું જાહેરનામું
7 પોલીસ કમિશ્નર કચેરી, સુરત શહેરના ક્રમાકઃ એસ.બી./કોરોનાવાયરસ/૧૮૮/૨૦૨૦ તા.૦૨/૧૧/૨૦૨૦નું અનલોક–૦૬નું જાહેરનામું
8 ડે.કમિશ્નર (હે અને હો)નો તા.૧૧/૧૧/૨૦૨૦નો પત્ર નં.પીએચડી/વીએસસી/૫૭૨

9 સામાન્ય સભાના ઠરાવ નં.૮૪૦/૨૦૧૬ તા.૨૭/૭/૨૦૧૬
10 સામાન્ય સભાના ઠરાવ નં. ૧૯૬/૨૦૧૭ તા. ૨૯/૦૪/૨૦૧૭
11 સામાન્ય સભાના ઠરાવ નં.૨૩૩/૨૦૧૮ તા.૨૯/૦૬/૨૦૧૮
12 સ્થાયી સમિતિ ઠરાવ નં.૮૧૭/૨૦૧૯ તા.૦૮/૦૮/૨૦૧૯
13 સ્થાયી સમિતિના તા. ૨૧ /૦૫/૨૦૨૦ના ઠરાવ નં.૪૦૨/ ૨૦૨૦.
14 કચેરી હુકમ નં. સીઓઓ/૦૪ તા.૦૨–૦૬–૨૦૨૦
15 કચેરી હુકમ નં. સીઓઓ/૦૯ તા.૨૩–૦૭–૨૦૨૦
16 મા.કમિશ્નરશ્રી તા.૨૧/૦૯/૨૦૨૦નો કચેરી હુકમ નં. સીઓઓ/૧૫
17 સામાન્ય સભાના ઠરાવ નં.૨૨૪/૨૦૨૦ તા. ૨૯/૦૬/૨૦૨૦

હાલમાં વૈશ્વિક મહામારી COVID-19 કોરોનાને કારણે મિનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સના ઓર્ડર નં. ૪૦–૩/૨૦૨૦–ડીએમ–આઈ(એ), તા. ૨૯/૦૬/૨૦૨૦માં આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનો ના મુદા નં. ૧ (IV)ની જોગવાઈ મુજબ ઓડીટોરીયમો, સીનેમા હોલ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ વગેરે બંધ રાખવા સુચના આપવામાં આવેલ હતી. ઉકત બાબતે સંદર્ભ ૧૭ થી સામાન્ય સભાની મંજુરી ધ્વારા ઠરાવ્યા મુજબ *"ફોર્સ મેજર (FORCE MAJEURE) ક્લોઝમાં ગણાતી કુદરતી આફતો, વાવાઝોડુ, રેલ, રોગચાળો, કુદરતી આપત્તિ અથવા જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં પૂર્વ નિર્ધારિત અથવા ચાલુ કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તેવા સંજોગોમાં ભાડું તથા ડીપોઝીટ ની રકમનું રીફંડ અરજદારને પરત કરવા બાબતે નિર્ણય લેવા મ્યુનિ.કમિશ્નરશ્રી અધિકૃત રહેશે."* તે મુજબની શરત/ નિયમ સુરત મહાનગરપાલિકા નિર્મિત અને સંચાલિત તમામ ઓડીટોરીયમો, રંગ ઉપવન, સાયન્સ સેન્ટર સંકુલના ગજેબો સહિતના તમામ સ્થળો, તમામ કોમ્યુનીટી હોલો અને પાર્ટી પ્લોટોના ઉપયોગ અંગેના હાલમાં અમલ માં હોય તે નિયમો સાથે આમેજ કરી તા.૧–૩–૨૦૨૦ થી લાગુ કરવા જરૂરી નિતિ વિષયક નિર્ણય લેવાનું સામાન્ય સભા ધ્વારા સંદર્ભ(૧૭) ની વિગતે મંજુર કરવામાં આવેલ છે.

વધુમાં, સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તા મારફત અન્ય કોઈપણ હેતુ માટે રીઝર્વ પ્લોટ ફાળવવામાં આવેલ હોય તો હાલની COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈ અરજદાર/સંસ્થા બુકીગ રદ કરવા જણાવે તો તેઓનું બુકીગ રદ કરી અરજદાર/સંસ્થાને ૧૦૦% રીફંડ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

સદર બાબતે તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીનું રીફડ આપવા બાબતે કચેરી હુકમનં.૧૫ તા.૨૧/૦૯/૨૦૨૦થી જારી કરવામાં આવેલ હતું. હાલમાં સંદર્ભ ૦૧ થી ૦૮ માં આપવામાં આવેલ માર્ગદર્શક સુચનો મુજબ જે જે સ્થળોના બુકીંગો લેખિત, મૌખિક કે ઓનલાઈન જાણ કર્યેથી હાલની વૈશ્વિક મહામારીના સંદર્ભે રદ થયેલ છે તથા તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીના જે બુકીગો રદ કરવામાં આવેલ છે તે બુકીગો અંગે ઉકત શરત/ નિયમ અન્વયે બુકીગ રદ કરી ૧૦૦% રીફંડ આપવા બાબતે જે તે વિભાગીય વડાશ્રી / ઝોનલ ચીફશ્રી/ આસી.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

સમગ્ર દુનિયા અને ભારત દેશ માર્ચ–૨૦૨૦ થી કોરોના વાયરસથી લડી રહયા હોય ત્યારે અનલોક પછી કેન્દ્ર સરકાર અને રાજય સરકારશ્રીના વિવિધ જાહેરનામાઓ નાં સદર્ભે તથા સંદર્ભ ૫ ના મુદા નં. ૩ ની સુચનાઓ, સંદર્ભ ૪ મુજબ હોલ, હોટેલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરન્ટ, ઓડીટોરીયમ, કોમ્યુનીટી હોલ,જ્ઞાતિની વાડી વગેરે સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત–ગમત,

મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ કરવામાં માટે આપવામાં આવેલી સૂચનાઓ, સંદર્ભ ૬ અને ૭ મુજબ
ના જાહેરનામા અનુસાર સંદર્ભ ૮ માં જણાવેલ માર્ગદર્શિકા અનુસાર નીચે મુજબ ની મંજુરી આપવા જોગ છે.

1. સુરત મહાનગરપાલિકા નિર્મિત અને સંચાલિત તમામ ઓડીટોરીયમો, રંગ ઉપવન, સાયન્સ સેન્ટર સંકુલના ગજેબો સહિતના તમામ સ્થળો, તમામ કોમ્યુનીટી હોલો અને પાર્ટી પ્લોટોના ઉપયોગ અંગે તા.૧૫/૧૧/૨૦૨૦ થી સામાજીક, શૈક્ષણિક, રમત–ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ કરવામાં માટે સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહી, અને મહતમ ૨૦૦ વ્યકિતીની મર્યાદા બેમાંથી જે ઓછુ હોય તેટલી સંખ્યામાં જ સરકારશ્રીની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાની બાંહેધરી મેળવીને મંજુરી આપવાની રહેશે.
2. ઉપરોક્ત બે (૨) શરતો મુજબ કાર્યક્મ કરવાની પરવાનગી આપતા પહેલા જે તે સંસ્થા કે પાર્ટી એ સંબધિત વિભાગ પાસેથી જે તે તારીખનો કાર્યકમો કરવા માટેની પરવાનગી(NOC) મેળવી રજુ કરવાની રહેશે.
3. ઉપરોક્ત બે શરતો તથા સરકારશ્રીની ગાઈડલાઈનને આધિન બુકિંગ કરાવેલ સંસ્થા કે પાર્ટી કાર્યકમો કરવા તૈયાર હોય તો તેઓને પરવાનગી આપવા જોગ છે તથા જેઓ ને ઉપરોકત શરતો એ જે તે તારીખે કાર્યક્રમ કરવા ઈચ્છુક ન હોય તેવા સંજોગોમાં બુકીગો અંગે ઉકત શરત/ નિયમ અન્વયે બુકીગ રદ કરી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી ૧૦૦% રીફંડ આપવા બાબતે જે તે વિભાગીય વડાશ્રી / ઝોનલ ચીફશ્રી/ આસી.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. વધુમાં સરકારશ્રી દ્વારા નવી ગાઈડ લાઈન, નિયમો અને સુચનો લાગુ કરવામાં આવે તે મુજબ સમારોહ પ્રસંગ તેમજ લગ્ન/સત્કાર માટે ના નવા સૂચનો મુજબ જે તે વિભાગીય વડાશ્રી / ઝોનલ ચીફશ્રી/ આસી.મ્યુ.કમિશનરશ્રી દ્વારા ઝોન કક્ષાએ યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવાની રહેશે.
5. સરકારશ્રીના સંદર્ભ ૫ મુજબ National Disaster Management Authorithyના મુદા નં.–૫ (૩)(૪) માં "મેળા, રેલી, પ્રદર્શનો, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા, ગરબા અને સ્નેહમિલન જેવા સામૂહિક કાર્યક્રમો જયાં મોટા પ્રમાણમાં લોકો એકત્રિત થવાની સંભાવના હોય તે પ્રતિબંધિત રહેશે" જે અનુસાર આ પ્રકારના કાર્યકમ માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત કોમ્યુનિટી હોલ તથા પાર્ટી પ્લોટમાં પરવાનગી આપવી નહી.
6. જયાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવે ત્યાં સરકારશ્રીની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવા/ કરાવવાનું રહેશે.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

ન.સ.રવાના : તમામ વિભાગીય વડાશ્રીઓ/ ડીનશ્રી(સ્મીમેર)/ મુખ્ય અન્વેષકશ્રી પ્રતિ... જાણ માટે

ન.સ.રવાના : ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હેડ કવાર્ટર / સેન્ટ્રલઝોન)/ આસી.મ્યુનિ.કમિશનરશ્રી(તમામ ઝોન)/ કાર્યપાલક ઈજનેરશ્રી (તમામ ઝોન) પ્રતિ,... જાણ સારૂ.

ન.રવાના : ચીફ કયુરેટરશ્રી (સાયન્સ સેન્ટર)/ મુખ્ય હિસાબનીશશ્રી / મેનેજરશ્રી (સાંસ્કૃતિક/ ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન, પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સંજીવકુમાર ઓડીટોરીયમ, પરફોર્મિંગ આર્ટ સેન્ટર, સ્વામી વિવેકાનંદ ઓડીટોરીયમ, રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ) / એકઝી.આસી.શ્રી (આઈ.એસ.ડી. વિભાગ) પ્રતિ,... જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# કોવીડ-૧૯ દરમિયાન કોમ્યુનીટી હોલના ઉપયોગ સંબંધિત માર્ગદર્શિકા

અનલોક-૫ ની પ્રક્રિયા દમિયાન વિવિધ પ્રવૃતિઓની તબક્કાવાર રીતે મંજુરી આપવામાં આવી રહી છે, જેમાં મનોરંજન, સંસ્કૃતિક કાર્યક્રમો, ધાર્મિક, સામાજિક તથા રાજકીય સમારોહ, વિગેરેનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળોએ વિવિધ કોમ્યુનીટીના લોકો ભેગા થતા હોય, કોવીડ-૧૯ રોગના સંક્રમણની શક્યતાઓ રહેલી છે. સંક્રમણ અટકાયતના પગલાઓ તરીકે નિમ્નલિખિત મુદ્ધાઓનું પાલન કરવામાં આવે તો, કોવીડ-૧૯ રોગનું સંક્રમણ અટકાવી શકાય.

- સ્થળની ક્ષમતાના ૫૦%થી વધુ નહિ, પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિની મર્યાદામાં જ સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.
- ૬ ફૂટની દુરી સાથેનું ફીઝીકલ ડીસ્ટન્સિંગનું પાલન કરવાનું રહેશે.
- સમગ્ર સમારંભ દરમિયાન માસ્કનો ઉપયોગ કરવાનો રહેશે.
- પ્રવેશદ્ધાર પર થર્મલ સ્ક્રીનીંગ, પલ્સ ઓક્સીમીટર તેમજ સેનિટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે. કોવીડ-૧૯ના લક્ષણો ધરાવતા લોકોને સમરોહમાં પ્રવેશ કરવા દેવો નહિ.
- સ્ટેજ, માઈક, સ્પીકર, ખુરશીઓ વિગેરેને સમયાંતરે સેનીટાઈઝ કરવાનાં રહેશે.
- સમારંભ દરમિયાન થૂંકવા, તેમજ પાન-મસાલા, ગુટકાના સેવન પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે.
- ૬૫થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી ઓછી ઉમરના બાળકો, સગર્ભા મહિલાઓ, તેમજ અન્ય બીમારીઓથી પીડિત વ્યક્તિઓ આ પ્રકારના સમારંભમાં ભાગ ના લે એ સલાહભર્યું છે.

- સમારોહમાં ભાગ લેનાર તમામએ આરોગ્યસેતુ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની રહેશે.
- સમારંભમાં ભાગ લેનાર તમામ વ્યક્તિઓએ નામ, મોબાઈલ નંબર, અને સરનામાની નોંધ રાખવી.
- સમારોહમાં જો ચા-નાસ્તા કે જમવાની વ્યવસ્થા રાખેલી હોય, તો તે જગ્યાની વ્યવસ્થા અલગથી કરવાની રહેશે, જ્યાં એક જ સમયે ૫૦થી વધુ વ્યક્તિઓ એકત્રિત ના થાય તથા બેઠક વ્યવસ્થા દરમિયાન વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ૬ ફૂટનું અંતર જળવાય તેની કાળજી રાખવાની રહેશે.
- સમારોહ દરમિયાન કોઈને તકલીફ જણાય, તો તબીબી સુવિધાઓ માટે નજીકના આરોગ્યકેન્દ્ર પર સંપર્ક કરવાનો રહેશે, અથવા ૧૦૪/૧૦૮ હેલ્પલાઇન પર ફોન કરી દર્દીને રીફર કરવાનું રહેશે.
- આ ઉપરાંત, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર મંત્રણાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક:ZZ8015/19/2020-EMR(PT)થી બહાર પાડવામાં આવેલી SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.(સાથે સામેલ છે)
- હોલમાં એર-કંડીશનર/વેન્ટીલેશન માટે સી.પી.ડબલ્યુ.ડી.ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.
- માર્ગદર્શીકાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ The Disaster Management Act,2005 તેમજ The Indian Penal Code,1860ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહીને પાત્ર રહેશે.